




# સેક્ટર-૨ મહુડી મંદિર ખાતે યુનાઇટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો

મહુડી મંદીર સેક્ટર-૨ ખાતે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા રવિવારે ૯ થી ૧૨ દરમિયાન ફ્રી મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૨૨ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. છેલ્લા ૩ વર્ષથી કપડવંજ, વિસનગર, માણસા, રામપુરા, અમદાવાદ, બોરીજ, રાંધેજા, ગાંધીનગર સે-૭, સે-૨, સે-૧૩, સે-૧૬, સે-૨૨ ખાતે યોજાઈ ગયેલ આવા મેડીકલ કેમ્પમાં ઘણાં દર્દીઓએ લાભ લીધેલ છે. ઉલ્લેખનીય છે કે આ સંસ્થા દ્વારા ગઈ કાલે ૩૨માં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. *(તસવીર : કશ્યપ નિમાવત)*

# ધાબા પરથી ઘરમાં ઘુસીને તસ્કરો ૨૯ હજાર ચોરી ગયા

## સેકટર-૨૬ કિસાનનગરમાં મધરાતે ત્રાટકેલા તસ્કરો : તિજોરી ના તુટતા દાગીના બચી ગયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ કિસાનનગર વિસ્તારમાં રહેતા મકાન માલિક પરિવાર સાથે ગઈ કાલે તેમના નવા મકાને રોકાયા હતા તે દરમિયાન મધરાતે તેમના ઘરના ધાબેથી તસ્કરો મકાનમાં ઘુસ્યા અને કબાટમાંથી રોકડા રૂ. ૨૯૬૦૦ની ઉઠાંતરી કરી તિજોરી તોડવા ગયા હતાં તિજોરી ના તુટતા સદનસીબે દાગીના બચી ગયા છે. આ બનાવ અંગે મકાન માલિકે સે-૨૧ પોલીસ મથકે જાણ કરી છે જો કે પોલીસે ગુનો દાખલ કર્યો નથી.

સેકટર-૨૬ કિસાનનગર પ્લોટ નં. ૩૪૩/૧ ખાતે રહેતા કિર્તીકુમાર જગદીશભાઈ ઉપાધ્યાય ગઈ કાલે પરિવાર સાથે તેમન સરગાસણ ગામે બની ગયેલા નવા મકાનમાં રોકાયા હતાં. રાત્રિ દરમિયાન સે-૨૬ના બંધ મકાનમાં તસ્કરો ઘુસી ગયા હતાં. ત્રીજા માળે ધાબા પરથી ઓરડીમાં ઘુસીને મકાનમાં પ્રવેશેલા તસ્કરોએ કબાટમાં તપાસ કરતાં રોકડા રૂ. ૨૯,૬૦૦ મળી આવ્યા હતાં. રોકડ રૂપિયાની ઉઠાંતરી કરીને તિજોરી તોડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તિજોરી ન તુટતા દાગીના બચી ગયા હતાં. કિર્તીકુમારના જણાવ્યા પ્રમાણે દોઢેક માસ પહેલા પણ તેમના આ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યુ હતું. કિર્તીકુમારે ચોરી અંગે સે-૨૧ પોલીસ મથકે જાણ કરતાં સવારે પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. પરંતુ ગુનો દાખલ થવા પામ્યો નથી.



આંતરરાષ્ટ્રીય મહિલા દિને શહેરની જે.સી. મહિલા પાંખ દ્વારા સે-૨ ૩ બગીચા ખાતે રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. સ્પર્ધામાં લીંબુ ચમચી, સંગીત-ખુરશી, ગીત સ્પર્ધા જેવી રમતોમાં મહિલા પાંખની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી હતી. સ્પર્ધામાં મિતાલી ત્રિવેદી, ભૂમિકા નિર્મલ, દિશા ફાલ્ગુની ભાવસાર, લતા શુકલ સહિતની મહિલાઓએ ભાગ લીધો હતો.

# કલોલમાં યુવતીના ઘરમાં ઘુસીને પડોશી યુવાને લાજ લેવાનો પ્રયાસ કર્યો

## યુવતીનો ભાઈ આવી જતા છરીના ત્રણ ઘા ઝીંકી જાનથી મારી નાંખવાની ધમકી આપીને આરોપી ફરાર : ૨૨ વર્ષિય યુવતી હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક કલોલમાં એક ચાલીમાં યુવતીના ઘરમાં ઘુસી જઈને પડોશમાં જ રહેતા યુવાન શખ્સે લાજ લુંટવાનો પ્રયાસ કર્યો હતો. યુવતીએ પ્રતિકાર કરતાં આરોપી યુવકે છરીના ત્રણ ઘા ઝીકી દીધા હતા. યુવતીનો ભાઈ આવી જતાં આરોપી ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો છે. ઘાયલ યુવતીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવી છે. કલોલ શહેર પોલીસે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

કલોલ શહેરની એક ચાલીમાં આજે સવારે સાડાદશ વાગ્યાના અરસામાં સન્નાટો મચી જવા પામ્યો હતો. પડોશમાં રહેતો એક યુવક શખ્સ યુવતીના ઘરમાં ઘુસી ગયો હતો અને લાજ લુંટવાનો પ્રયત્ન કર્યો હતો. ૨૨ વર્ષીય યુવતીએ પ્રતિકાર કરતાં આરોપી શખ્સે છરીના ત્રણ ઘા ઝીંકી દીધા હતા. યુવતીનો ભાઈ તે જ સમયે આવી જતાં તેને પણ છરી મારી હોવાની વિગતો સાંપડી છે. છરીના ઘા ઝીંક્યા બાદ ગાળા ગાળી કરીને આરોપી વિજય હિરા ચૌહાણે જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઘાયલ યુવતીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે દાખલ કરવામાં આવી છે. કલોલ સીટી પોલીસે વિજય સામે ગુનો નોંધી તેના ઘરે પણ તપાસ કરી પરંતુ મળી આવ્યો નથી. તેની શોધખોળ આરંભી દેવાઈ છે.

# ગાંધીનગરના એક ટ્રાફિક કોન્સ્ટેબલે પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું

## સહી સાથે મળેલો રૂપિયા ચાર હજારનો બેરર ચેક બેંકની મદદ લઈ તેના મૂળ માલિકને પરત કર્યો

ગાંધીનગર, તા.૯

પ્રમાણિકતા એ કોઈનો ઈજારો નથી પરંતુ આ દેશના સામાન્ય માણસની ખૂબી છે. ગમે તેટલી કારમી મોંઘવારીમાં જીવન પીસાતું હોય પરંતુ આ દેશનો સરેરાશ મધ્યમવર્ગીય માણસ પણ તેની પ્રમાણિકતા ચૂકતો નથી અને બીજા લોકો માટે પ્રેરણારૂપ બને છે. આ વાતની પ્રતિતી કરાવતો એક કિસ્સો તાજેતરમાં પ્રકાશમાં આવ્યો છે. એક પોલીસ કોન્સ્ટેબલે રૂપિયા ૪૦૦૦નો સહી કરેલો બેરર ચેક પરત કરીને પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું હતું.

પોલીસ શબ્દ સાંભળતા જ લોકોના મનમાં લાંચ લેતા કર્મચારીની છાપ ઉપસી આવે છે. આમીરખાનનો શૉ સત્યમેવ જયતેનો આજનો એપિસોડ પણ આજ બાબત પર આધારિત હતો. પરંતુ ગાંધીનગરના એક પોલિસ કોન્સ્ટેબલે રૂપિયા ૪૦૦૦નો બેરર ચેક મૂળ માલિકને શોધીને પરત કરી તેની પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ સમાજ સમક્ષ પુરું પાડયું છે. સેકટર-૧૬માં ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ અશોકભાઈ રાઠોડ બેઝ નં. ૫૪૯ને બે દિવસ પહેલા જિલ્લા પંચાયત પાસેથી રૂ. ૪૦૦૦ની રકમ લખેલો સહી કરાયેલો કોરો બેરર ચેક મળ્યો હતો. જો અશોકભાઈ ધારત તો આ ચેક આરામથી વટાવીને તેના પૈસા મેળવી શકયા હોય કારણ કે આ ચેક એસબીઆઈ બેંકની નજીકની શાખાનો જ હતો અને ખાતામાં પુરતું બેલેન્સ પણ હતું.

પણ અશોકભાઈ નોખી માટીના નીકળ્યા તેમણે બેંકની શાખામાં રૂબરૂ જઈને ચેક પરના ખાતા નંબરથી ખાતેદારનું સરનામું માગ્યું. જો કે સલામતીના કારણોસર બેંકના કર્મચારીએ તેમને ગ્રાહકનું સરનામું તો ન આપ્યું પણ ગ્રાહકનો મોબાઈલ નંબર આપ્યો. અશોકભાઈએ આ નંબર પર પોતાના મોબાઈલથી ફોન કરી સેકટર-૫-સીમાં રહેતા ચેકના મૂળ માલિક રમેશભાઈ છનાભાઈ બોડદરા સાથે વાત કરી પુરતી ખાત્રી કર્યા પછી તેમનો કોઈ ચેક ખોવાયો છે કે કેમ તે અંગે પૃચ્છા કરી હતી. જવાબમાં રમેશભાઈ એ ચેક ખોવાયાની વાત કરતા અશોકભાઈએ તેમને મળવા બોલાવ્યા હતા. એક ચાની કેન્ટીન પર રૂબરૂ મળીને રમેશભાઈ જ ચેકના મૂલ માલિક છે તેવી પૂરતી ખાતરી કરી લીધા બાદ અશોકભાઈએ તેમને ચેક સુપરત કર્યો હતો. ખોવાયેલો ચેક પરત મળતા જ રમેશભાઈના ચહેરા પર રોનક આવી ગઈ હતી અને તેમણે અશોકભાઈનો તેમની પ્રમાણિકતા બદલ આભાર માનતા વળતરરૂપે વિવિધ પ્રસ્તાવ મૂકયા હતા પરંતુ અશોકભાઈએ તેને વિનમ્રતાથી નકારી દીધા હતા અને જણાવ્યું હતું કે તમારી આ ખુશી જ મારું વળતર છે.

અશોકભાઈએ પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડી તેમના જેવા અનેક પોલીસ કર્મીઓ માટે પ્રેરણારૂપ દાખલો બેસાડયો છે. છેલ્લા કેટલાય સમયથી દેશમાં સતત સામાજીક જીવનમાં કે રાજકીય જીવનમાં મોટા માથા ગણાતા વ્યકિતઓ દ્વારા આચરવામાં આવી રહેલા કૌભાંડો અને મોટા ઔદ્યોગિક વેપારી એકમો દ્વારા પણ ગ્રાહકો સાથે છેતરપીંડી કરવાના કિસ્સાઓ દ્વારા અપ્રમાણિકતાનો માહોલ સર્જાયો છે ત્યારે અશોકભાઈ જેવા મધ્યમવર્ગીય કર્મચારીઓ હજુ પણ તેમની પ્રમાણિકતા દ્વારા આ દેશની સંસ્કૃતિના આદર્શો ટકાવી રાખવામાં તેમનું યોગદાન આપી રહ્યા છે.

# ચિલોડા વિસ્તારમાં ભીંડાની સીઝન ખુલતા ખેડૂતોમાં ખુશીની લહેર

## પાકને બચાવવા તથા રોગ નિયંત્રણ માટે જંતુનાશક દવાનો ધૂમ છંટકાવ

ચિલોડા, તા. ૯

ગાંધીનગર તાલુકાના એકમાત્ર પૂર્વ વિસ્તારમાં પરથી ફૂલ તથા ભીંડા ખરી પડવાની ફરિયાદો વધી રહી છે. પરિણામે જમીન પ્રમાણે ભીંડાનો ઉતારો નહીંવત



ચિલોડા, ડભોડા, લવારપુર તથા શિહોલી મોટી જેવા ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ સાલે શાકભાજી તરીકે ભીંડાનું વાવેતર સારા પ્રમાણમાં કરવામાં આવ્યું હતું. હાલમાં હવે બેવડી ઋતુના કારણે ખેતીના પાકોને હવામાનની પ્રતિકૂળ અસર થઈ રહી છે. ઘઉંનો પાક તૈયાર થઈ ગયો છે જ્યારે ભીંડાના પાકથી ખેતરો લહેરાઈ રહ્યા છે પરંતુ દિવસે ગરમી અને રાત્રે ઠંડીના અહેસાસથી મોલોમશી સફેદ ઈયળો દેખા દેતા ભીંડાના પાકને અસર થતા ખેડૂતોમાં રોગ નિયંત્રણ માટે વધુ પ્રમાણમાં જંતુનાશક દવાનો છંટકાવ કરી ખેતરોમાં ખેડૂતો અથાક પ્રયત્નો આદરી રહ્યા છે. આમ છતાં ભીંડાના છોડ રહેતા ખેડૂતઆલમમાં તરહ તરહની વાતો થઈ રહી છે. આમ વધુ પ્રમાણમાં વાવેતર કરી ખેડૂતોએ અગાઉ લખલૂંટ ખર્ચ કરી દેતાં હવે રોગને કારણે ઉપજ નહીંવત થાય તેવા એંધાણો વર્તાઈ રહ્યા છે. આમ ભીંડાના વાવણીમાં પોષણક્ષમ ભાવો તથા ખેતી ખર્ચ વચ્ચેનો તફાવતની ગણત્રી અંગે ખેડૂતો ગણિત માંડી રહ્યા છે. આમ છતાં ભીંડાની ખેતી પ્રત્યેક વધુ આકર્ષણ કેટલું ફાયદારૂપ બનશે તેવું ખેડૂતોમાં ચર્ચાસ્પદ પ્રશ્ન બન્યો છે. આમ ચિલોડા પંથકમાં ભીંડાની ખેતી વધુ પ્રમાણમાં થતા મજૂરોનો પ્રશ્ન વધુ જટિલ બન્યો છે. ખેડૂતો કાયમી મજૂરો મેળવવા દોડધામ કરી રહ્યા છે.

# નવા સેકટરોના રહીશો ટપાલ સેવાથી વંચિત : ટપાલ પેટી મુકવાની માંગણી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર ગુજરાતનું પાટનગર છે જેના કારણે શહેરની કાયાપલટ થઈ રહી છે. નગરનો વિકાસ દિવસમાં બે ગણો અને રાત્રિમાં ચાર ગણો થઈ રહ્યો છે ત્યારે નગરના નાગરિકોને સતાવતી સમસ્યાઓ પણ રહેલી છે. નગરના નવા સેકટરોમાં ટપાલ બોક્ષ મુકવા જાગૃત નાગરિકોની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરને ઓળખ આપવા માટે જુના સેકટરોનો ફાળો મુખ્ય છે. કારણ કે નગરની શરૂઆતમાં ૧૫ થી ૩૦ સેકટરોમાં સરકારી આવાસો આવેલા છે. આવાસોમાં રાજયના છેવાડાનો કર્મચારીની નોકરીના કારણે જુના સેકટરો ભાર્યાભાદર્યા લાગતા આવ્યા છે. જેના કારણે જૂના સેકટરોમાં નાગરિકોને અગવડતા ન પડે તે માટે તમામ સુવિધાઓ આપવામાં આવી છે.

પરંતુ નગરની ઓળખ આપવામાં નવા સેકટરોનું મહત્વ ઓછું નથી હાલના તબક્કે નગરના સે-૧ થી ૮માં સ્થાયી રહીશોની સંખ્યા ખુબ જ વધવા પામી છે. તેમજ સેકટર બહારનો વિસ્તાર, ઈન્ફોસીટી, સરગાસણ, કુડાસણ સહિતના વિસ્તારો પણ નગરની શાન ગણવામાં આવે છે ત્યારે અહીંયા વસતા રહીશો માટે પોસ્ટ ખાતા દ્વારા ટપાલ બોક્ષ મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ટપાલ ખાતા દ્વારા નગરના નવા વિસ્તારોમાં સત્વરે ટપાલ બોક્ષ મુકવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. નવા સેકટરોના રહીશોને ટપાલ બોક્ષના અભાવે અન્ય સેકટરોમાં જઈને પોતાની ટપાલ પહોંચાડવાની ફારજ પડતી હોય છે કયારેક ટપાલ પેટીમાં નાખવા માટે નગરજનોને રીક્ષામાં બેસી ટપાલ બોક્ષ સુધી પહોંચવું પડતું હોય છે જેનાથી નગરજનોને ફોગટમાં ખર્ચા કરવાનો વારો આવે છે.

કુરિયર કંપનીઓના આક્રમણ સામે ટપાલ વિભાગને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. છતાં પણ ટપાલ વિભાગની વિશ્વસનીયતાના કારણે આજે પણ નગરજનો ટપાલ સેવા સાથે જોડાયેલા છે ત્યારે આ વિશ્વસનયીતા જોડાયેલી રહે તે માટે તંત્રએ ઝડપથી નવા સેકટરોમાં ટપાલ બોક્ષ મુકવા જોઈએ. તેમજ નગરમાં એવા કેટલાય ટપાલ બોક્ષ છે જે ફકત દેખાવ પુરતા છે. ટપાલ બોક્ષ નીચેથી સડી ગયેલા જોવા મળે છે જેનાથી ટપાલ નાખવાથી ટપાલ સીધી જ બહાર નિકળી જાય છે ત્યારે તંત્રએ નગરમાં જે બોક્ષ મુકેલા છે તેનો સર્વે કરી આવા બોક્ષને રીપેરીંગ કરી નગરજનોની સેવામાં મૂકવા જોઈએ. હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ વાતને ધ્યાન પર કયારે લે છે?

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૬
સૂર્યાસ્ત : ૬.૪૫

## તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૨૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦
રાઈસ ઑફ એન એમ્પાયર : ૬.૧૦, ૮.૩૦, ૧૦.૫૦
: સ્ક્રીન-૨ :
શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦
: સ્ક્રીન-૩ :
હાઈવે : ૧૦.૫૫, ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦
ગુન્ડે : ૪.૨૫
: સ્ક્રીન-૪ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૩ :
રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુન્ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫
રાઈસ ઑફ એન એમ્પાર : ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
અનુરાધા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦
ગુન્ડે : ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

## ચિરવિદાય

- સ્વ. શાન્તિબેન જશવંતભાઈ સોની (ઉ.વ. ૫૭) ૩-ગાંધીપાર્ક, મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દિવ્યાંગભાઈ હસમુખભાઈ જોશી (ઉ.વ. ૩૫) ૩૨-સિદ્ધેશ્વર હોમ, મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગોવિંદલાલ હરીલાલ વ્યાસ (ઉ.વ. ૮૨) પ્લોટ નં. ૯૧૯/૧, સેકટર-૪/ડી, ગાંધીનગર.
- સ્વ. મીરાબેન ભીલાજી વણઝારા (ઉ.વ. ૮૦) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.મૂળજીભાઈ ઈશ્વરભાઈ ગુજ્જર (ઉ.વ. ૭૦)પ્લોટ નં. ૫૪૭/૧, સેકટર-૧૩/એ, ગાંધીનગર.